# કારકલ

- આવાગમન................. : રેલ્વે સ્ટેશન : મેંગલોર - ૫૩ કિ.મી.
  બસ સ્ટેશન : કારકલ
- પહોંચવાનો સરળ માર્ગ ... : મૂડબિદ્રી તથા મેંગલોરથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર ...... : મૂડબિદ્રી - ૧૮ કિ.મી., મેંગલોર - ૫૩ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો......... : મૂડબિદ્રી - ૧૮ કિ.મી., હૂમચા - ૧૧૩ કિ.મી., વારાંગ - ૨૪ કિ.મી.

મૂડબિદ્રીથી ૧૮ કિ.મી. દૂર કારકલ આવેલું છે. અહીં તદન નાનકડો પહાડ છે. ટેકરી કહો તો પણ ચાલે, જે ચઢતા ફક્ત ૭-૮ મિનિટ માંડ થાય છે. ફક્ત ૧૮૦ પગથિયાં છે. તેથી સૌ કોઈ ચઢી શકે તેવું છે. ઉપર શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસન ૩૬ ફીટ ઊંચા છે. આ પ્રતિમાજી ઈ. સ. ૧૪૩૨ના છે. આ પ્રતિમાજી વીર પાંડવ ભૈરવરાજને બનાવ્યા હતા. પહાડ ચઢતા પહેલા નીચે એક મંદિર છે. પહાડ ઉપર શ્રી બાહુબલીજીનું બીજું મંદિર ગણાય છે. તે સિવાય પહાડ ઉપર બે બાજુમાં બે મંદિરો છે. આ રીતે અહીં કુલ ચાર મંદિરો છે.

તે સિવાય અહીં એક ૬૨ ફીટનો સળંગ એક જ પથ્થરમાંથી બનાવેલો માનસ્થંભ છે. પણ તે પોરબંદરી પથ્થરનો બનાવેલો હોઈને ઉપર વરસાદનું પાણી પડવાથી કાળો મસ થઈ ગયો છે. આખા ભારતમાં સળંગ એક જ પથ્થરમાંથી બનાવેલો ૬૨ ફીટનો માનસ્થંભ ફક્ત અહીં જ છે.

મંદિર નં. ૫ : શ્રી નેમિનાથ મંદિર : ઉપર લખેલ માનસ્થંભજી જે કમ્પાઉન્ડમાં છે તે જ કમ્પાઉન્ડમાં આ મંદિર છે. આ મંદિર ૫૦૦ વર્ષ જૂનું છે. ૫ ફીટના શ્યામ આરસના શ્રી નેમિનાથ ભગવાન છે. આ મંદિર દર્શનીય છે.

મંદિર નં. ૬ : આ જ કમ્પાઉન્ડમાં ખડ્ગાસને ૩॥ ફીટના શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનનું મંદિર છે.

મંદિર નં. ૭ : ધાતુના ખડ્ગાસન પ્રતિમાજી છે.

મંદિર નં. ૮ : આ મંદિર ઘણું જ સુંદર અને દર્શનીય છે. અહીં આરસના ચોવીસ તીર્થંકર ભગવંતો ખડ્ગાસને છે. સામાન્ય રીતે બધે ચોવીસ તીર્થંકરો પદ્માસને હોય છે, જ્યારે અહીં બધા જ ચોવીસ ભગવંતો ખડ્ગાસને છે. પંચધાતુના બાવન જિનાલય પણ છે.

મંદિર નં. ૯ : શ્રી ધર્મનાથ, શ્રી શાંતિનાથ અને શ્રી કુન્થુનાથ-ત્રણ ભગવંતો એક સાથે ખડ્ગાસન છે. વચ્ચેના ભગવાન બદામી આરસના છે. બંને બાજૂના ભગવાન શ્યામ આરસના છે.

મંદિર નં. ૧૦ : આ મંદિરમાં શ્રી અનંતનાથ ભગવાન ખડ્ગાસને છે. આ મંદિરનું કોઈ ધણીધોરી નથી. જરા પણ સફાઈ નથી.

મંદિર નં. ૧૧ : નાનકડી ટેકરી (પહાડ) ઉપર શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ અને શ્રી મુનિસુવ્રતનાથ-તેમ ત્રણ ભગવાન ખડ્ગાસને છે, જે ૪।। ફીટના શ્યામ આરસના છે. આ મંદિરને ચૌમુખી મંદિર પણ કહે છે. કારણ કે ચારે બાજુ ચારે દિશામાં ત્રણ-ત્રણ ભગવાન છે અને ચારે દિશાના ત્રણે ત્રણ ભગવાન ૪।।-૪।। ફીટના ખડ્ગાસને છે. આ મંદિર ઘણું જ મોટું છે. ૧૦૮ થાંભલા છે. આ મંદિર ૫૦૦ વર્ષ જૂનું છે. ભૈરવરાજ જૈનના રાજમાં આ મંદિર થયું હતું.

ખાસ નોંધ-અહીં કારકલમાં સાંજે ૬:૩૦ થી ૭:૦૦ વાગ્યે બધા જ મંદિરો બંધ થઈ જાય છે.

કારકલમાં કાજુના ઘણા જ કારખાના છે. તેથી અહીં કાજુ ઘણા જ સસ્તા મળે છે. નાની-મોટી સાઈઝ, સફેદ-ઝાંખા, તેમ જાત પ્રમાણે ભાવો હોય છે. છતાં પણ અહીં કાજુ જરૂરથી ઘણા સસ્તા મળે છે. કારખાના પણ ઘણા છે. તેથી ફરીને-કસીને-જોઈને લેતા આવડવુ જોઈએ. રવિવારે બધા જ કારખાના બંધ હોય છે. તેથી રવિવારે કાજુ બિલકુલ મળતા નથી. કારકલ પાસે જ ગ્રેનાઈટ પથ્થરના પહાડો પણ છે. આ ગ્રેનાઈટ ભારતભરમાં મોકલવામાં આવે છે.

म्हारा परम दिगंबर मुनिवर आया, सब मिल दर्शन कर लो ।
बार-बार आना मुश्किल है, भाव भक्ति उर भर लो, हाँ .... ।।
हाथ कमंडल काठ को पीछी पंख मयूर ।
विषय वास आरंभ सब परिग्रह से है दूर ।।
श्री वीतराग-विज्ञानी का कोई ज्ञान हिया विच धर लो, हाँ .... ।।१।।
एक बार करपात्र में अन्तराय अघ टाल ।
अल्प-अशन लें हो खडे, नीरस-सरस सम्हाल ।।
ऐसे मुनि मारग उत्तम धारी, तिनके चरण पकड लो, हाँ .... ।।२।।
चार गति दुःख से डरी, आत्म स्वरुप को ध्याय ।
पुण्य पाप से दूर हो ज्ञान गुफा में आय ।।
सौभाग्य तरण तारण मुनिवर के तारण चरण पकड लो, हाँ .... ।।३।।